# અર્બુદા ક્રેડિટ સોસાયટી સામે આજે પાલનપુરમાં પણ ફરિયાદ નોંધાઈ

## ૧૨૦૦ ગ્રાહકો સાથે ૫૩ લાખ થયુ વધુની છેતરપિંડીની ૭ સામે ફરિયાદ

સમગ્ર ગુજરાત માં ૪૦ થી વધુ બ્રાન્ચ ધરાવતી અર્બુદા ક્રેડિટ સોસાયટી સામે આજે બનાસકાંઠા ના પાલનપુર માં પણ ફરિયાદ નોંધવા પામી છે। પાલનપુર ની અર્બુદા ક્રેડિટ સોસાયટી ના મેનેજર દ્વારા આજે ૫૨ લાખ થી વધુ ની છેતરપિંડી કરાયા ની પોલીસ ફરિયાદ થતા સમગ્ર જિલ્લા માં ૭ શાખાઓ ધરાવતી તેમજ લાખો રૂપિયા ની છેતરપીંડી થયા ના અહેવાલ થી જિલ્લા માં ખળ ભરાટ સર્જાયો છે।




રાજસ્થાનની અર્બુદા ક્રેડિટ કો-ઓ.સોસાયટીના એમડી ફુલેકું ફેરવીને પલાયન થઈ ગયા હોવાની ઘટના પ્રકાશ માં આવ્યા બાદ જેનો રેલો આજે જીલ્લા મથક પાલનપુર સુધી આવ્યો છે આજે પૂર્વ પોલીસ મથક માં ખાતેદારો ના ૫૨ લાખ થી વધુ રકમ નો ફૂલેકું . ફેરવીને પલાયન થઈ ગયા હોવાની ફરિયાદ નોધવાની તજવીજ હાથ ધરાઈ છે છેલ્લા ચાર વર્ષ થી પાલનપુર કીર્તિસ્થંભ નજીક અર્બુદા ક્રેડિટ કો-ઓ.સોસાયટી કાર્યરત હતી જેમાં માત્ર ચાર વર્ષના ટૂંકા ગાળામાં મજુર અને મધયમ વર્ગના લોકોએ પરસેવાની કમાણીના નાણાનું રોકાણ કર્યું હતું.આ નાણા બ્રાન્ચ દ્વારા હેડ ઓફીસે મોકલી આપ્યા હતા. પાછલા એક માસથી ત્યા઼થી ગ્રાહકોના પાકતી મુદતના નાણા લેવા માટે મેનેજર ગયા હતા પણ તેઓને ના કહી દેવાઇ હતી અને એમ.ડી. રાકેશ કુમાર દેવેન્દ્રભાઈ અગ્રવાલ અને તેમના પત્ની ચેરમેન આશાબેન રાકેશભાઈ નાણા લઈને ફરાર થઈ જતાં ચુકવી શકાય તેમ હોવાનું જણાવાયું હતું. હાલ સુધી લોકોને સમજાવ્યા પછી છેવટે બ્રાન્ચ મેનેજર ચિંતન મોદીએ આજે પાલનપુર પૂર્વ પોલીસ મથક ફરીયાદ માટે તજવીજ હાથ ધરી છે તેમજ સોસાયટીના એમ ડી અને અધ્યક્ષ એટલેકે પતિ પત્ની બંનેએ ગ્રાહકોના ૫૨ લાખ રૂપિયા લઈને છું મંતર થઈ જતા સોસાયટીના મેનેજરે જ બંને સામે પાલનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# વડગામ કોર્ટે સાધ્વીને જયશ્રીગિરિને જયુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા



પાલનપુર, તા.૧૫

મુક્તેશ્વર મઠના વિવાદિત સાધ્વી જયશ્રીગિરીના ફાયરીંગ મામલામાં ૩ દિવસના રિમાન્ડ પુરા થતા તેઓને વડગામ કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં કોર્ટે સાધ્વીને જ્યુડીશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો. મુક્તેશ્વર ખાતે યોજાયેલા લોક ડાયરામાં ફાયરિંગ થયું હોવાના વાયરલ થયેલા વિડિઓ બાબતે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં વડગામ કોર્ટે સાધ્વીના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જે રિમાન્ડ પૂર્ણ થતાં આજે સાધ્વીને પુનઃ કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં નામદાર કોર્ટ દ્વારા તેઓને જયુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હોવાના અહેવાલ મળ્યા છે. ત્યારે સાધ્વી વિરુદ્ધ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ખંડણીના ગુનામાં પોલીસ તેઓની ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરે તેવા અહેવાલ સાંપડ્યા છે.

# ધાનેરાના જડીયા પાસે કાર ઝાડ સાથે અથડાતા અકસ્માત : બેના મોત

પાલનપુર, તા.૧૫

ધાનેરા તાલુકાના જડીયા ગામ પાસે કર ઝાડ સાથે અથડાતા કારમાં બેઠેલા બે લોકોના ઘટના સ્થળ પર જ મોત નિપજતા લોકોમાં ભારે અરેરાટી મચી જવા પામી હતી. બીજી તરફ અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થતા તેમને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

જી.જે ૨૭ કે ૩૭૭૫ નંબરની વેગેનાર કાર ધાનેરાથી રાજસ્થાન તરફ જઈ રહી હતી તે સમયે ધાનેરા તાલુકાના જડીયા ગામ પાસે અચાનક ગાડી ઝાડ સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેની જાણ લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને કરતા ૧૦૮ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈએમટી ભગવાનભાઇ એસ. દેસાઈ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આ અકસ્માતમાં ગાડી માં બેઠેલા ગબ્બર ભીખાજી રાજપૂત અને મહેન્દ્રસિંહ ભીખાજી રાજપૂત બંને રહે લખાવસ



રાજસ્થાનના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. જ્યારે ઉમેદજી રાજપૂત અને ભીખાજી રાજપૂતને ગંભીર ઈજા થતા તેમને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબ દ્વારા પ્રાથમિક સારવાર આપી હાલત વધુ ગંભીર જણાતા તેમને વધુ સારવાર અર્થે આગળ રીફર કર્યા હતા. મૃતકના મૃતદેહને ધાનેરા રેફરલ હોસ્પિટલમાં લાવી પી.એમની તજવીજ હાથ ધરી છે ત્યારે એક પરિવારના બે સ્વજનોન્ના મોતથી ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

# કાંકરેજના થરાના આંબલીવાસ પાસે ત્રિપલ અકસ્માત : એકનું મોત, ૩ ઘાયલ

## બે બાઈક અને ઈકો ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત થતાં નાના બાળકનું ઘટનાસ્થળે મોત થતાં અરેરાટી વ્યાપી

કાંકરેજ, તા. ૧૫

પ્રાપ્ત વિગતો અનુસાર થરાના આંબલીવાસ રોડ ઉપર બે બાઈક અને ઈકો ગાડી વચ્ચે ગમખ્વાર બાળકીનું મોત થવા પામ્યું હતું અને બીજા લોકોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત જોષી ભુમિકાબેન દેવચંદભાઈ, જોષી બાઈક નં. જીજે.૮.એડી.૭૦૬૮ અને ઈકો ગાડી નં. જીજે.૭. બીએન.૮૬૪૫ ત્રણ સાધનો એક સાથે ટકરાતાં એક વ્યક્તિનો ભોગ



અકસ્માત સર્જાતા હાહાકાર મચી જવા પામ્યો હતો અને ધડાકો થતા લોકોના ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને ઘાયલોને ૧૦૮ દ્વારા થરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જેમાં એક આઠ માસના દિનેશભાઈ બાબુભાઈને ગંભીર ઈજાઓ થવા પામી હતી જ્યારે જોષી નિત્યાબેન આઠ માસની બાળકીનું મોત થવા પામ્યુ હતુ. જો કે ઈકો ગાડીનો ચાલક તથા એક બીજો દરજી થરાનો જે બાઈક ઘાયલ થયો હતો બાઈક નં. જીજે.૮.એસી.૨૧૪૩ લીધો હતો. જો કે ઈકો ગાડીનો ચાલક ગાડી મુકી ફરાર થઈ જવા પામ્યો હતો. પોલીસને ખબર પડતા તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર જઈને કાર્યવાહી હાથ ધરી હતી અને વધુ ઈજાગ્રસ્તોને પાટણ ખાતે રિફર કરાયા હતા.

# પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ભરાતાં વિસ્તારમાં ખુશાલી

પ્રાંતિજ, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લાં કેટલાય સમયથી તાલુકા વિકાસ અધિકારી ની જગ્યા ચાર્જ ઉપર ચાલતી હતી અને નિયમો ને તાલુકાના લોકો તોબાં પોકારી ઉઠતા હતાં ત્યારે ખાલી પડેલ જગ્યા અચાનક ભરવામાં આવતાં તાલુકા પંચાયત સ્ટાફ તાલુકા પ્રમુખ સહિત તાલુકાના લોકોમાં ખુશી જોવાં મલી છે.



નેવે મુકી તાલુકા વિકાસ અધિકારીનો ચાર્જ સ્થાનિક ને આપવામાં આવ્યો હતો અને સ્થાનિક અધિકારી એ.જી.પટેલ દ્વારા પોતાનાં ચાર્જનો દુર ઉપયોગ કરી તાલુકાના વિકાસને બદલે પોતાના વિકાસને મહત્વ આપ્યું હતું ત્યારે તંત્રમાં અનેક વાર રજુઆતો થઈ છતાં તંત્રની મીલી ભગતથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હતી અને તાલુકા પંચાયતમાં કામ અર્થે આવતાં

પ્રાંતિજમાં છેલ્લાં ધણાં સમયથી સ્થાનિક તંત્ર ની મીલી ભગત થી છેલ્લા કેટલાય મહિનાઓથી ખાલી પડેલ તાલુકા વિકાસ અધિકારી નો ચાર્જ સ્થાનિક ને આપવામાં આવ્યો હતો અને ચાર્જ માં રહેલ સ્થાનિક એ.જી.પટેલ દ્વારા પોતાના ચાર્જ નો દુર ઉપયોગ કરી વર્ષ માં બબ્બે વખત ઉઘરાણું કરવામાં આવ્યું હતું જેને લઈને કચેરી સાથે સંકળાયેલા કોન્ટ્રાકટરો, ઈટ ઉત્પાદકો અન્ય નાનામોટા કોન્ટ્રાકટરો તોબા પોકરી ઉઠ્યા હતાં અને સરકારી આવતી ગ્રાન્ટો માટે પણ સાહેબ ને મોહમાંગી રકમ આપવી પડતી હતી ત્યારે તાલુકા પ્રમુખ દક્ષાબેન સહિત અનેક વાર રજુઆતો કરવામાં આવી હતી છતાં જિલ્લા વહીવટી તંત્ર હપ્તા ની લ્હાયમાં સ્થાનિક તંત્ર જિલ્લા તંત્ર ચુપકી સાંધીને બેઠું હતું ત્યારે અચાનક પ્રાંતિજ ખાતે ખાલી પડેલ વિકાસ અધિકારીની જગ્યા ભરવામાં આવતાં તાલુકાના લોકો માં ખુશીનો માહોલ જોવાં મલ્યો છે અને આગળના ચાર્જ માં રહેલ ટીડીઓ એ.જી.પટેલ વિરૂધ્ધ નિષ્ઠાપૂર્વક તપાસ થાય તેવી માર્ગ પણ ઉઠવા પામી છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું જિલ્લા વહીવટી તંત્ર ને ઉપર સુધી રેલા અડતાં હોવાથી શું ખરેખર તપાસ થશે કે કેમ એ તો જોવાનું રહ્યું પણ હાલતો તાલુકા ના વિકાસ અધિકારી ની ખાલી પડેલ જગ્યા ઉપર શ્રીમતી જે.એચ. કાપડીયા નિમણુંક કરવામાં આવતાં તાલુકા પંચાયત ના સ્ટાફ સહિત તાલુકાના લોકો માં ખુશી જોવાં મળી છે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના વાતાવરણમાં પુનઃ પલટો આવતા ભૂમિપુત્રો ચિંતીત

અરવલ્લી, તા. ૧૫

છેલ્લા ત્રણ દિવસથી હવામાનમાં એકાએક પલટો આવતા મોડાસા તાલુકા સહિત જિલ્લાના ખેડૂતો ચિંતીત બન્યા છે. જ્યારે બીજી બાજુ દિવસે ગરમી અને રાત્રીના સમયે પડતી ઠંડીના પગલે ડબલ ઋતુનું નિર્માણ થતા શરદી, કફ, ઉધરસ, ગળાનો સોજો અને આંખોમાંથી પાણી નીકળવાના વાયરલ કેસના ઈન્ફેક્શનમાં વધારો થઈ રહ્યો છે.

અરવલ્લી જિલ્લામાં રવિવારથી હવામાન-વાતાવરણમાં પલટો આવ્યો છે. ઘઉંની કેટલીક જગ્યાએ ખેડૂતોએ લણણીની તૈયારીઓ આદરી દીધી છે તેમજ શાકભાજી સહિત અન્ય પાકોમાં વાતાવરણના પલટાથી રોગની શક્યતાઓ દેખાતા ખેડૂતો ચિંતીત બન્યા છે. આકાશમાં વાદળો પધાર્યા હોય અને પવન ફૂંકાવાથી ઘઉંનો તૈયાર થયેલો વ્યથા બેવડાઈ છે. એક તરફ



ઠંડુ વાતાવરણ થયું છે ત્યારે ઠંડા વાતાવરણની સાથે પવન પાક જમીનદોસ્ત થાય છે. ત્યારે આવા વાતાવરણથી ભૂમિપુત્રોની બજારમાં ખેડૂતોને શાકભાજીના પોષણક્ષમ ભાવો મળતા નથી ત્યારે બીજી બાજુ હવામાનમાં પલટો આવતા પાકમાં વિપરીત અસર થવાની આશંકા સેવાઈ રહી છે. અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સવારે ઠંડી અને બપોરે ગરમી અને આકાશમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે જોરથી ફૂંકાતા પવનને કારણે બીમારીનું પ્રમાણ વધુ આક્રમક બન્યુ છે. શરદી, કફ, ગળામાં સોજો સહિતના રોગો તદ્ઉપરાંત શ્વાસની તકલીફ, ઉધરસ અને ન્યુમોનિયા દર્દીઓમાં વધારો થતા સરકારી દવાખાનાઓ, જનરલ પ્રેક્ટીશનર અને ખાનગી દવાખાનાઓ દરદીઓથી ઉભરાતા તબીબોને તડાકો બોલાઈ ગયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં પાકની લણણી અને ખેતીના સમયે બિમારીઓમાં સપડાતા પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે.

## તલોદ ખાતે હવેલી પરિસરમાં છપ્પનભોગના મનોરથ યોજાશે

તલોદ, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર ખાતે આવેલ શ્રી શ્રીનાથજી પુષ્ટિમાર્ગીય હવેલી પરિસરમાં આવેલ શ્રી સર્વમંગલા દેવી મંદિર ખાતે આગામી રવિવારે છપ્પનભોગ મનોરથનું સૌપ્રથમ વખત આયોજન કરવામાં આવેલ છે.

મંદિર પરિસર ખાતે દર્શનાર્થી યાત્રીઓને રોકાણ કરવા રહેવા માટે જમવાની સુવિધા માટે એક ભોજનકક્ષનું નિર્માણ કરવાનું ટ્રસ્ટે કરાવ્યું છે. જે માટે મુખ્ય દાતા સહિતના દાતાક્ષીઓને દાનની ઉમદા સખઆવતો પણ જાહેર કરી છે. તા.૧૯-૨-૧૭ રવિવારે યોજાનાર શ્રી છપ્પનભોગ મનોરથ પ્રસંગે ઊપસ્થિત રહેનાર વૈષ્ણવાચાર્ય ગોસ્વામી મધુસૂદનલાલજી (તિલકબાવાશ્રી)ના વરદ્ હસ્તે આ ભોજનકક્ષનું ખાતમુર્હૂત કરવામાં આવનાર છે. મહોત્સવની પૂર્વ રાત્રીએ તલોદ-મોડાસા રોડ ઉપર આવેલ આ હવેલી પરિસરમાં રાગ-ગરબાનું આયોજન કરવામાં આવેલ છે.

## વાંકાનેરમાં કારની ટક્કરમાં બાળકને ગંભીર ઈજા

ભિલોડા,તા.૧૪

ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં ઈક્કો કાર ચાલકે માસુમ બાળકને ધડાકાભેર ટક્કર મારતાં બાળકના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી કાર ચાલક ફરાર થઈ ગયો હતો.વાંકાનેર ગામમાં ઈક્કો કાર નંબર.જી.જે. ૦૯. બી.સી.૭૯૧૯ ના ચાલકએ પુરપાટ ઝડપે ગફલતભરી રીતે કાર હંકારતાં માસુમ બાળક જયદિપ ડુંડ, ઉ.વ.૬, રહે.વાંકાનેરને ટક્કર મારતાં બાળકના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડતાં બાળક ઘવાયો હતો.ઈક્કો કાર અજાણ્યો ચાલક અકસ્માત કર્યા બાદ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

# તલોદના તાજપુર કેમ્પ વિસ્તારમાં ચેકડેમનું ખાતમુહૂર્ત

તલોદ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તાજપુર કેમ્પ પંથકમાં નિર્માણ પામનારા એક ચેકડેમનું ખાતમુહૂર્ત આજે કરવામાં આવતા સમગ્ર પંથકમાં આનંદ સહિતનું નૂતન ઈરાદાપૂર્વક 'હવનમાં હાડકા નાખવા' જેવી સ્થિતિ પેદા કરી હોવાનું ચર્ચામાં રહ્યું હતું.

અમદાવાદ-મોડાસા રાજ્ય ધોરી માર્ગ ઉપરના તલોદ તાલુકાના તાજપુર કેમ્પમાંથી પસાર થતી મેશ્વો કર્યા હતા. પરંતુ યેનકેન પ્રકારેણ ચેકડેમનું નિર્માણ ન જ થાય તે માટે કથિત થતા 'વહિવટ'ને આધારે કેટલાક અધિકારીઓ લોકલાગણીની વિરૂદ્ધમાં રિપોર્ટીંગ કરતા હતા. અહીંની જમીનમાં પાણીનું સ્તર ઊંચુ



આશાનું કિરણ ઉદ્ભવ્યુ છે. અંદાજીત રૂ. ૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ ચેકડેમનું ખાતમુહૂર્ત વેલેન્ટાઈન ડેના દિવસે તલોદ પ્રાંતિજ તાલુકા મત વિસ્તારના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ભારે હર્ષોલ્લાસ વચ્ચે કર્યુ હતુ. જે ચેકડેમનું કામ વર્ષોથી ખોરંભે પડ્યું હતું અને કેટલાક અધિકારીઓએ તથા એકમોએ ચેકડેમ ન થાય તે માટે નદીના વિશાળ પટમાં નદી ઉપરના પુલ સામે ચેકડેમ બનાવવાની પ્રજાજનોની લાગણી અને માંગણી વર્ષોથી પડતર રહી હતી. ચેકડેમ અંગેની પ્રજાની લાગણીઓથી ભરેલી ફાઈલો કેટલાક અગમ્ય કારણોસર સરકારી તંત્રમાં અહીં-તહી ભટકતી રહી હતી. જેને કોઈ યોગ્ય પ્રતિસાદ સાંપડતો ન હતો. સને ૨૦૧૨માં આ ચેકડેમ માટે સરકારે રૂ. ૨ કરોડ મંજૂર છે. જેવા અનેકાનેક કારણો દર્શાવતા હોઈ તે અન્વયે સરકાર પણ સહજભાવે વિશાળ ખેડૂત વર્ગની લાગણી સંદર્ભે યોગ્ય પ્રતિભાવ પુરો પાડી શકી ન હતી. લોકલાગણીને વિધાનસભાની એરણ પર લઈ જનાર ધારાસભ્યએ જળસ્તર ઊંચુ હોવાના અધિકારીઓના રિપોર્ટ સામે સવાલ કર્યો હતો કે જો તેમ જ હતુ તો પહેલા ૨૦૧૨માં મંજૂરી શા માટે આપી હતી?

## પંડીત દિન દયાળજી નિર્વાણ દિન નિમિત્તે પુષ્પાંજલી કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૫

ભિલોડામાં પંડીત દિન દયાળજી નિર્વાણ દિન નિમિત્તે શ્રધ્ધાંજલી અને પુષ્પાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા ભાજપના કાર્યકરોના જણાવ્યા મુજબ પ્રેરણા સ્ત્રોત, માર્ગદર્શક પંડીત દિન દયાળજીના નિર્વાણ દિન નિમિત્તે ભાજપ કાર્યકરો ધ્વારા ભિલોડા ગ્રામ પંચાયત વોર્ડ નંબર.૨ માં શ્રધ્ધાંજલી અને પુષ્પાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુણવંતભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ બારોટ, રોહિતભાઈ ત્રિવેદી, યોગેશભાઈ બુધ્ધ, જીગરભાઈ ત્રિવેદી, હેમંતભાઈ ગામેતી, સહિત કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પંડીત દિન દયાળજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી હતી.

## કડી પ્રાંત કક્ષાનો પ્રગતિ સેતુ કાર્યક્રમ બુધવારે જોટાણા ખાતે યોજાશે

નાગરિકોને સ્પર્શતી સામુહિક રજુઆતોનો સ્થળ પર નિકાલ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રાન્ત કક્ષાએ પ્રગતિ સેતુનું આયોજન કરાયું છે. વહીવટી ગતિશીલતા, પારદર્શિતા તથા સંવેદનશીલતાની અનુંભુતિ પ્રજાને થઈ શકે તે હેતુતી પ્રગતિસેતુ કાર્યક્રમની વ્યવસ્થા સરકાર દ્વારા ઉભી કરાઈ છે.કડી પ્રાન્ત કક્ષાનો બીજો પ્રગતિ સેતુ કાર્યક્રમ ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૭ને સવારે ૧૦-૦૦ કલાકે પ્રાર્થના હોલ, રામ સર્વવિધાલય જોટાણા ખાતે યોજાનાર છે.

# તલોદના માધવગઢ ખાતે રવિવારે શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવની ઉજવણી

તલોદ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના માધવગઢ ગામ ખાતે આગામી તા. ૧૯-૨-૧૭ રવિવારના રોજ ભગવાનશ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૦મો પાટોત્સવ અનન્ય ભક્તિભાવપૂર્વક ઉજવવાનું આયોજન ગામના સત્સંગી પરિવારોએ તથા સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજના ઉપક્રમે કરવામાં આવેલ છે. જે પ્રસંગે અન્નકૂટ દર્શનનું પણ આયોજન કરેલ છે.

તલોદ-મોડાસા રોડ ઉપર આવેલા તલોદ તાલુકાના માધવગઢ ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનશ્રી સ્વામિનારાયણ પ્રભુને બિરાજમન કરે આગામી રવિવારે ૨૦ વર્ષ પુરા થતાં હોઈ આ પાટોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે મંગળા આરતી, મહાપૂજા, અન્નકૂટ આરતી, યજમાન સન્માન, સંતોના આશિર્વાદ તથા મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે. જ્યાં અનેક ધામથી પધારનારા સંતો-મહંતો કથામૃતનું રસપાન કરાવશે. સમગ્ર પ્રસંગનો લાભ અનેક ગામોના સત્સંગી પરિવારો મોટી સંખ્યામાં લેશે.